અનુસૂચિત જાતિના હોમીયોપેથીક ડીગ્રી/ડીપ્લોમાં ધારકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાય યોજનાનો લાભ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૯૭-ન.ભા.૩૦-ગ.
સચિવાલય, ગાંધીનગર
તારીખ :- 23 MAY 2007

વંચાણે લીધા :-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૩૧-૩-૯૮ નો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૯૭-ન.ભા.૩૦-ગ.

ઠરાવ :-

આમુખમાં દર્શાવેલ સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૩૧-૩-૯૮ ના ઠરાવથી અનુસૂચિત જાતિના તબીબી ડીગ્રી (એમ.બી.એસ, બી.એસ.એ.એમ,બી.એ.એમ.એસ(આર્યુવેદક) અને બી.ડી.એસ. (ડેન્ટલ) મેળવેલ વિધાર્થીઓને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા. ૨૫,૦૦૦ /- સહાય અને રૂા. ૫૦,૦૦૦ /- લોન વાર્ષિક ૪ ટકાના દરે આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના હોમીયોપેથીક ડીગ્રી / ડીપ્લોમા ધારકોનો સમાવેશ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના મેડીકલ ડીગ્રી મેળવેલ ડોકટરોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાયની યોજનામાં હોમીયોપેથીક ડીગ્રી બી.એચ.એમ.એસ અને ડીપ્લોમાં ડી.એચ.એમ.એસ. ડોકટરોને આ યોજનાનો લાભ આપવા માટે આથી સમાવેશ કરવામાં આવે છે.

(પાછળ)

અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ. ૨. ગાંધીનગર
31 MAY 2007
આવક નં.

(૭) હોમીયોપેથીક ડોકટરોએ ફકત શુધ્ધ હોમીયોપેથીમાં જ પ્રેકટીસ કરવાની રહેશે.

આ અંગેનું ખર્ચ આ યોજનાની મંજૂર થયેલ જોગવાઇમાંથી જ કરવાનું રહેશે કોઇ વધારાની જોગવાઇ કરવાની રહેશે નહી.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અંગ્ર સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા. ૨૫-૪-૨૦૦૭ ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એચ. ગરાસિયા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- મા. મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડી. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- સર્વ જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી
- સર્વ સમાજ કલ્યાણ અધિકારીશ્રી,
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારીની અંગત ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

જી.એચ. વ્યા : પ્રસ્તાવ : પેજ : ૨૨૨ તા. ૨૨ - ૫ -૨૦૦૭